

# સરદારધામ

## સરદારધામ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા સમસ્ત પાટીદાર સમાજના પોસ્ટ ગ્રેજ્યુએશન (માસ્ટર) અથવા ગ્રેજ્યુએશન પછી પ્રોફેશનલ કોર્સ કરતા દીકરા-દીકરીઓ માટે

- સમસ્ત પાટીદાર સમાજના પોસ્ટ ગ્રેજ્યુએશન (માસ્ટર) કે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા પછી અન્ય કોઇ પ્રોફેશનલ કોર્સ કરતા બહારગામના દીકરા-દીકરીઓ અરજી કરી શકશે.
- હોસ્ટેલ પ્રવેશ માટેના **ઓનલાઇન ફોર્મ તા.1-6-25 થી તા.15-6-25 સુધી જ ઓપન રાખવામાં આવશે.**
- હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર પ્રોફેશનલ કોર્સ કરતા દીકરા-દીકરીઓની **વાર્ષિક ફી રૂ. 60,000** રહેશે જેમાં 50% (રૂ.30,000) ફી અને **રૂ. 10,000 ડીપોઝીટ** પ્રવેશ વખતે ભરવાના રહેશે તેમજ બાકીની 50% (રૂ.30,000) ફી પ્રથમ છ માસ પૂર્ણ થયા બાદ બે દિવસમાં જ ભરવાની રહેશે.
- ફોર્મમાં ચોકસાઈપૂર્વકની વિગત ભરેલ ના હોય અને તે કારણથી જો આપનું નામ મેરિટમાં ના આવે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહીં. અરજી ફોર્મમાં ખોટી વિગત કે માહિતી ભરનાર દીકરા-દીકરીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
- હોસ્ટેલ વ્યવસ્થા **1 જુલાઈ, 2025**થી શરૂ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. પસંદગી પામેલ દીકરા-દીકરીઓનું **મેરીટ લિસ્ટ (ગ્રેજ્યુએશનના રીઝલ્ટ આધારિત) તા. 20-6-25 ના રોજ વેબસાઇટ** પર મુકવામાં આવશે. SMS અથવા Whatsapp અથવા કોલ દ્વારા આપને જાણ કરવામાં આવશે.
- પ્રવેશ અંગે આપને જાણ કર્યા બાદ **7 દિવસ**માં **સરદારધામ** એડમિન ઓફિસની રૂબરૂ મુલાકાત લઈને ડોક્યુમેન્ટસ વેરીફીકેશન કરાવી ફી ભરવાની રહેશે.
- **7 દિવસ**માં એડમિશન નહીં લીધું હોય અથવા તે બાબતે કોઇ જાણ નહી કરી હોય તેવા સંજોગોમાં તેવા દીકરા-દીકરીઓની અરજી રદ ગણવામાં આવશે. ફરીવાર તેમની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
- મેરિટમાં નામ હોય પણ કોલેજમાં એડમિશન પ્રાપ્ત ના થયું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થી રૂ.10,000/- ભરીને પોતાની પ્રવેશ સીટ અનામત રાખી શકશે. જે નોન-રીફંડેબલ રહેશે.
- સીટ અનામત રાખનાર વિદ્યાર્થીએ 60 દિવસમાં કોલેજમાં એડમિશન પ્રાપ્ત કરીને કોલેજની ફીની રસીદ તેમજ જરૂરી ડોક્યુમેન્ટસ વેરીફીકેશન કરાવીને એડમિશન ફી ભરવાની રહેશે.
- સીટ અનામત રાખવા માટે વિદ્યાર્થીઓએ ભરેલ ફી રૂ.10,000/-તેમની હોસ્ટેલ ડીપોઝીટમાં જમા લેવામાં આવશે.
- દરેક કેટેગરીમાં વધુમાં વધુ **3 વર્ષ** માટે જ પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ માટે સાથે લાવવા માટેના ડોક્યુમેન્ટસનું લિસ્ટ નીચે મુજબ છે. તમામ ડોક્યુમેન્ટસની ઓરીજીનલ અને ઝેરોક્ષ કોપી લાવવી.

  ધોરણ-10 અને 12 ની માર્કશીટ / ગ્રેજ્યુએશન માર્કશીટ / લાસ્ટ સેમિસ્ટરની માર્કશીટ / સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ / આધાર કાર્ડ / જે કોર્સમાં પ્રવેશ લીધો હોય તેની ફી ભર્યાની રીસીપ્ટ (પ્રૂફ) અને આઈ-કાર્ડ

**(All above document Xerox copy submitted to Sardardham)**



# સરદારધામ


મધ્યસ્થ કાર્યાલય : સરદારધામ, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ - ૩૮૨૪૨૧
ફોન નં. : ૭૫૭૫૦૦૧૪૨૮, ૭૫૭૫૦૦૧૪૩૮, ૭૫૭૫૦૦૧૫૯૬
ઈ-મેઈલ : info.sardardham@gmail.com | વેબસાઈટ : www.sardardham.org


ટ્રસ્ટ રજી. નં. : ઈ/૨૦૯૨૪/અમદાવાદ | GSTIN : 24AAPTS3354N1ZU
FCRA Regd. No. : 041910486/Dated 11-03-2019
80(G) Regd. No. : AAPTS3354N/129/15-16/T-0398/80G(5)/Dated 09-09-2018

Bank Details
A/C Name : Sardardham
Bank Name : The Kalupur Commercial Co-Op. Bank Ltd.
Branch : S. M. Road, Ahmedabad - 380015
A/C No. : 00720103898
IFS Code : KCCBOSMR007


## પોસ્ટ ગ્રેજ્યુએશન (માસ્ટર) કે ગ્રેજ્યુએશન પછી અન્ય પ્રોફેશનલ કોર્સ કરતા દીકરા-દીકરીઓ માટે (હોસ્ટેલ) પ્રવેશ નિયમાવલી

1. કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએશન (માસ્ટર) કે ગ્રેજ્યુએશન પુર્ણ કર્યા બાદ પ્રોફેશનલ કોર્સ કરતા દીકરા-દીકરીઓ પ્રવેશ મેળવી શકશે.
2. UPSC-GPSC કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા આપતાં, વિકલાંગ, માતા-પિતા વગરના નિરાધાર દીકરા-દીકરીઓને પ્રેફરન્સ આપવામાં આવશે.
3. હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર દીકરા-દીકરીઓની **વાર્ષિક ફી રૂ. 60,000** રહેશે જેમાં 50% (રૂ.30,000) ફી અને રૂ.10,000 ડીપોઝીટ પ્રવેશ વખતે ભરવાના રહેશે તેમજ બાકીની 50% (રૂ.30,000) ફી પ્રથમ છ માસ પૂર્ણ થયા બાદ 7 દિવસમાં ભરવાની રહેશે.
4. ચારિત્ર્ય ઘડતર, નેતૃત્વ, સમાજભાવના અને યુવાશક્તિના સર્વાંગી વિકાસ તેમજ સ્વાવલંબનની સાથે જીવનની સાચી કેળવણી માટે સરદારધામ દ્વારા આયોજીત જરૂરી પ્રવૃત્તિઓ / મોટીવેશનલ કાર્યક્રમો એવમ અન્ય કાર્યક્રમોમાં 80% આપવાની રહેશે.
5. **પ્રવેશપત્ર સાથે :** (1) પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-2 (2) ગ્રેજ્યુએશનની માર્કશીટની અધિકૃત વ્યક્તિની સર્ટિફાઈડ સહી-સિક્કા સાથેની નકલ (3) લીવીંગ સર્ટીફીકેટની નકલ (4) કરી રહેલ કોર્સની ફી રીસીપ્ટ (5) આઇ-ડી કાર્ડ હોય તો (6) માતા-પિતાના ફોટોગ્રાફ જોડવા. અધૂરી વિગતવાળું પ્રવેશફોર્મ રદ થશે.
6. ભવનમાં પ્રવેશ મેળવનાર દીકરા-દીકરીઓએ પોતાનું આઈ-કાર્ડ રેક્ટર પાસેથી મેળવી લેવાનું રહેશે. તેમજ ટર્મના અંતે પોતાનું આઈ-કાર્ડ સંસ્થા છોડતી વખતે ફરજિયાત રેક્ટરને જમા કરાવવાનું રહેશે.
7. દરેક દીકરા-દીકરીઓએ ફાળવેલ રૂમ, બેડ તેમજ ફ્લોર મુજબ જ રહેવાનું રહેશે.
8. આપના Blood Relation ધરાવતા સગાં-સંબંધીઓ (ઓળખપત્ર ધરાવનાર) **ફક્ત રવિવારે સવારે 9.00 થી 12.00 દરમ્યાન** જ મુલાકાત ખંડમાં આપને મળી શકશે. સગાં-સબંધીને આપના રૂમમાં જવા દેવામાં આવશે નહિ. વાલી દીકરા-દીકરીઓને પૂર્વ મંજૂરી વગર બહાર લઈ જઈ શકશે નહિ. રેક્ટર ઓફિસમાં વાલી રજીસ્ટ્રરમાં એન્ટ્રી કરી પોતાની ઓળખ આપીને મુલાકાત કરવાની રહેશે.
9. કોઈપણ પ્રવેશ મેળવનાર દીકરા-દીકરીઓની ચાલચલગત સારી ના હોય અથવા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને નડતરરૂપ કોઈ વર્તન હોય તો ગમે ત્યારે પ્રવેશ રદ કરવામાં આવશે. હૉસ્ટેલ રૂમમાં કોઈપણ બહારની વ્યક્તિ ગેરકાનૂની રહેતા પકડાશે તો તે રૂમમાં રહેતા તમામ દીકરા-દીકરીઓનો સંયુક્ત ગૂનો ગણીને તમામનો પ્રવેશ રદ કરવામાં આવશે. **બહારની વ્યક્તિને રૂમમાં મળવા બોલાવી શકાશે નહીં.**
10. પ્રવેશ મેળવનાર દીકરા-દીકરીઓએ પોતાના વતનમાં અગર અન્ય સ્થળે જતા અગાઉ તેમજ આવ્યા પછી રેક્ટરને લેખિત જાણ કરવાની રહેશે. તેમની મંજૂરી મળ્યા પછી જ હોસ્ટેલ બહાર જઈ શકશે. કોર્સનો સમય પુરે થયે દીકરા-દીકરીઓએ નિયત સમયમર્યાદામાં હોસ્ટેલમાં પરત આવવાનું રહેશે. હોસ્ટેલમાં પ્રવેશ્યા પછી સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી વગર બહાર નીકળી શકશે નહીં. સક્ષમ સત્તાધિકારી દ્વારા રજા માગનાર દીકરા-દીકરીઓને માતા-પિતા/વાલી /પાલકની મંજૂરી મેળવીને જ અનુમતિ આપવામાં આવશે.
11. **દરેક રૂમની સફાઇ તથા ટોઇલેટ/બાથરૂમની સફાઈ તેમજ રૂમમાં પીવાના પાણીની વ્યવસ્થા વિદ્યાર્થીએ જાતે જ કરવાની રહેશે.** પોતાના રૂમની સફાઇની જવાબદારી રૂમમાં રહેતા તમામ દીકરા-દીકરીઓની સામુહિક રહેશે. રૂમમાં દરેક વિદ્યાર્થીએ પોતાના કપડાં વ્યવસ્થિત ગડી કરીને મુકવાના રહેશે. તેમજ પોતાનો બેડ અને કબાટ વ્યવસ્થિત રાખવાનાં રહેશે.
12. સંસ્થાની રૂમો-લોબી, દીવાલો, જાજરૂ-બાથરૂમ, રસોડું કે અન્ય જગ્યાએ થૂંકવું નહિ. કોઈપણ પ્રકારનું લખાણ લખવું નહિ કે કચરો નાખવો નહિ. કચરો કચરા ટોપલીમાં જ નાખવો નિયમ ભંગ કરનારને **રૂપિયા 500/-** દંડ કરવામાં આવશે. પાણીનો વપરાશ સંયમથી કરવાનો રહેશે. નક્કી કરેલ સમયમર્યાદામાં જ પાણી આપવામાં આવશે.
13. ફાળવેલ રૂમમાં રેડિયો, ટી.વી, સ્પીકર, ટેપ કે અન્ય ખલેલ પહોંચાડતાં સાધનોનો ઉપયોગ કરવો નહિ અને જો પકડાશે તો જપ્ત થશે તેમજ **રૂપિયા 1000/-** દંડ લેવામાં આવશે. ઉપરાંત ઈલેક્ટ્રિક સાધનો જેવાં કે ઈલેક્ટ્રિક સગડી, ઈસ્ત્રી, હીટર વગેરે સાધનો વાપરી શકાશે નહિ તથા

બંધ રૂમમાં ટ્યુબલાઈટ, લેમ્પ,પંખા ચાલુ રાખી શકાશે નહિ.

14. છાત્રાલયના ફર્નિચર, ઈલેક્ટ્રિક ફિટિંગ્સ, લાઈટ, જાજરૂ-બાથરૂમ, કોમન લાઈટ, રસોડાના વાસણો અને સંસ્થાનાં અન્ય સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. જે વિદ્યાર્થી દ્વારા કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો તેની પાસેથી નુકસાનની રકમ વસૂલ કરવામાં આવશે, તેમજ રૂમના ફર્નિચરને તેમના સ્થાનેથી ખસેડી શકાશે નહિ. છાત્રાલયની રૂમોની અંદર કોઇપણ પોસ્ટર્સ, ફોટા, છાપાં, ચાર્ટ કે અન્ય લખાણો રૂમના કે સંસ્થાના ફર્નિચર,દીવાલ કે કાચ ઉપર ચોંટાડવા કે લગાડવા નહીં. આવું કરનારને **રૂપિયા 200/-** દંડ કરવામાં આવશે.

15. હોસ્ટેલમાં રહેનાર દીકરા-દીકરીઓ કોઈપણ પ્રકારના જન આંદોલન / રાજકીય આંદોલન / ધાર્મિક આંદોલન (ચળવળ)માં ભાગ લઈ શકશે નહીં.

16. પ્રવેશપાત્ર ઠરાવવામાં આવેલ વિદ્યાર્થીઓને પ્રવેશની જાણ કરવામાં આવશે. જાણ કર્યેથી **દિન-7 માં** પ્રવેશ મેળવી લેવાનો રહેશે. અન્યથા પ્રવેશપાત્રતા રદ થશે.

17. સંસ્થા છોડતી વખતે અરજી સાથે ડિપોઝિટ ભર્યાની પહોંચ જમા કરાવવી ફરજિયાત છે. છાત્રાલય છોડતા પહેલાં રેકટરનું રૂમ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું જરૂરી રહેશે. ત્યાર બાદ નિર્ધારીત સમયમર્યાદામાં આપના બેંક ખાતામાં ડિપોઝિટ રકમ જમા કરવામાં આવશે.

18. હોસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થીઓએ છાત્રાલયના પરિસરમાં (કેમ્પસમાં) સભ્યતાથી વર્તવું તથા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરવાની સખ્ત મનાઈ છે. જેનાથી ભવિષ્યમાં ઊભા થતાં ઝઘડા ટાળી શકાય છે તેમજ કામ વગર લોબીમાં આંટા મારવાની કે ઊભા રહેવાની પણ સખ્ત મનાઈ છે.

19. **બહારનો નાસ્તો ડાઈનિંગ હોલમાં લાવી શકાશે નહીં.** ડાઈનિંગ હોલમાં કિચનની કોઈપણ વસ્તુ (થાળી,વાટકી, ચમચી, પ્યાલો, ડિશ) વગેરે રૂમમાં કે અન્ય જગ્યાએ લઈ જનાર સામે શિસ્ત ભંગના પગલા લેવામાં આવશે તેમજ **વસ્તુ દીઠ રૂપિયા 50/-** દંડ વસૂલ કરવામાં આવશે. રેક્ટરશ્રી પાસેથી દંડની રસીદ લેવાની રહેશે.

20. **કુદરતી આફતો, ભુકંપ, આગ તેમજ અન્યથી નોકરી કરતી મહિલાઓની જાનહાની થાય તો તેની જવાબદારી સંસ્થાની રહેતી નથી.**

21. સંસ્થામાં રજિસ્ટર કરેલ વાલીના મોબાઈલ નંબર સિવાય કોઈ પણ અન્ય ફોન પર રજા માટેની મંજૂરી મળી શકશે નહી. રજિસ્ટર્ડ મોબાઈલ નંબરમાં ફેરફાર વાલીની મંજુરી વગર થશે નહીં.

22. છાત્રાલયમાં રહેનાર દીકરા-દીકરીઓએ કિંમતી દાગીના કે અન્ય કિંમતી ચીજવસ્તુ પહેરવા નહીં તેમજ રાખવા નહિ. તેમ છતાં ચોરી થશે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. **ટુ-વ્હીલર ધરાવનાર દીકરા-દીકરીઓએ પોતાના વ્હીકલની આર.સી બુક તેમજ ડ્રાઈવિંગ લાઈસન્સની ઝેરોક્ષ ફરજિયાત આપવાની રહેશે.**

23. સ્પોર્ટ્સ, જિમ્નેશિયમમાં સવારે **5:00 થી 8:00** તથા **બપોરે- 3:00 થી 6:45** સુધી જ પ્રવૃત્તિ ચાલશે.

24. સંસ્થાના હોદ્દેદારો કે પદાધિકારીઓ ગમે તે સમયે આપના રૂમ કે સરસામાનની તપાસ કરી શકશે અને તપાસ દરમ્યાન વાંધાજનક અને પ્રતિબંધિત ચીજવસ્તુઓ ધ્યાનમાં આવશે તો તેવા વિદ્યાર્થીઓ દંડને પાત્ર રહેશે.

25. પ્રવેશ મેળવનાર તમામ દીકરા-દીકરીઓને પલંગ, બેડ(પથારી), ઓશીકું(પીલો), રાઈટિંગ ચેર તથા કબાટ આપવામાં આવશે. બેડશીટ તથા પીલો કવર(સેટ-2) અને ચાદર-1 સંસ્થામાંથી ચાર્જથી મળશે. દરેક રૂમમાં સિલિંગ ફેન, ટ્યુબલાઈટ, એક મોટી બાલટી, એક નાની બાલટી, લોન્ડ્રી બેગ, બે ટમ્બલર, એક ડસ્ટબીન આપવામાં આવશે, જેની સાચવણીની જવાબદારી રૂમમાં રહેતા વિદ્યાર્થીઓની સામુહિક રહેશે. દરેક રૂમ વ્યવસ્થિત અને પથારી સુઘડ રાખી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવાનું રહેશે. દર 8 દિવસે સ્વખર્ચે ઓછાડ, પીલો કવર ધોવડાવવાનાં રહેશે અથવા જાતે ધોવાના રહેશે.

26. છાત્રાલયના વહીવટકર્તાઓ, ટ્રસ્ટીશ્રીઓ, સમાજના વડીલો, આગેવાનો, રેકટર ભાઇ-બહેનો અને અન્ય કર્મચારીઓ સાથે પ્રત્યેક વિદ્યાર્થીઓએ વિનયપૂર્વક વર્તવાનું રહેશે. એમની સાથે અનિષ્ટ વ્યવહાર કે તકરાર કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ વાલીશ્રીને જાણ કર્યા વગર જ રદ કરાશે.

27. સંસ્થા તરફથી રસોડાનું સંચાલન કરવામાં આવે છે. જ્યારે સંસ્થાનું રસોડું ચાલુ હશે એ સમય દરમિયાન જ સંસ્થાના રસોડામાં જ જમવાનું રહેશે. ભોજનાલયના સઘળા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ભોજનનો બગાડ કરવો નહિ. ડિશમાં એંઠવાડ જેવા કે રોટલી, દાળ-ભાત, શાક વગેરે વસ્તુ પડતી મૂકવી નહિ. આવું કરનારને **રૂપિયા 500/-** દંડ કરવામાં આવશે. છાત્રાલયનો નક્કી કરેલો ભોજન સમય – સવારનો નાસ્તો 6:30 થી 8:00 કલાક સુધી, બપોરનું ભોજન 11:00 થી 1:30 કલાક સુધી, સાંજનું ભોજન 7:00 થી 8:30 કલાક સુધી જ વ્યવસ્થા કરવામાં આવશે. સમય પૂરો થયા બાદ વ્યવસ્થા થશે નહિ. ભોજનનો સમય અનુકૂળ હોય તેમણે જ પ્રવેશ મેળવવો. સંસ્થાના મેનુ મુજબ જ રસોઈ બનશે, અલગથી બનશે નહિ. બપોર માટે ફક્ત એક વ્યક્તિ પુરતું જ ટીફીન લઇ જવા દેવામાં આવશે.

28. પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવે છે કે આવવા તથા જવા માટે મુખ્ય પ્રવેશદ્વારનો જ ઉપયોગ કરવો ફરજિયાત છે. જો કોઈ દીવાલ કે ઝાંપો કૂદી અન્ય ખોટી રીતે સંસ્થામાં પ્રવેશ કરશે કે બહાર જશે તો તેનું એડમિશન રદ કરવામાં આવશે.

29. વિદ્યાર્થીઓને પાર્ટીમાં જવાની પરવાનગી છાત્રાલયમાંથી મળશે નહિ. કોઈપણ વિદ્યાર્થી બારોબાર સગા-સંબંધી અથવા મિત્રના ઘરે જઈ શકશે નહિ. જશે તો વાલી વિના છાત્રાલયમાં પ્રવેશ મળશે નહિ. સંસ્થામાં બર્થ-ડે પાર્ટી કે અન્ય પાર્ટી ઉજવવા દેવામાં આવશે નહિ. આવી પાર્ટી ઉજવતાં

જણાશે તો એડમિશન રદ કરવામાં આવશે.

30. **હૉસ્ટેલમાંથી નિમ્ન લિખિત બાબતમાં એડમિશન રદ કરવામાં આવશે.**

1. પોતાની સાથે હાનિકારક હથિયાર રાખશે.
2. તોડફોડ અને મારપીટની પ્રવૃત્તિ કેમ્પસના અંદર કે બહાર કરશે.
3. છેતરપીંડીના કેસમાં સામેલગીરી.
4. ગંજીપા-જુગાર રમવા અથવા અન્ય રમતો.
5. સંસ્થાની છબીને જાણી જોઈને ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરશે.
6. સંસ્થાના હિત વિરુધ્ધનું વર્તન કરે ત્યારે.
7. સંસ્થાના નિયમોનું ઉલ્લંઘન કરે ત્યારે.
8. ઉશ્કેરણીજનક વર્તન કે પ્રવૃતિ કરતા જણાય ત્યારે.
9. ખોટી માહિતી રજૂ કરી પ્રવેશ મેળવાનું ધ્યાન પર આવે ત્યારે.
10. ઓનલાઇન માધ્યમથી કોઇપણ ખાદ્ય પદાર્થો મંગાવશે ત્યારે.

31. પૂર્વ મંજૂરી સિવાય **રાત્રે 9:00 કલાક પછી** છાત્રાલયમાંથી બહાર જવા દેવામાં કે **રાત્રે 10:00 કલાક પછી** બહારથી છાત્રાલયમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ.સંજોગોવશાત કોઇ સ્થળે વધુ રોકાવાનું થાય તો રેક્ટરને ફરજીયાત જાણ કરવાની રહેશે.અમદાવાદ શહેરમાં સગા-સબંધીના અને અન્ય વ્યક્તિઓના ઘરે કોઈ પ્રસંગ કે કામ માટે રજા આપવામાં આવશે નહીં.

32. છાત્રાલયમાં રહેતા દીકરા-દીકરીઓ કોઈપણ જગ્યાએથી કે રૂમમાંથી કોઈપણ વસ્તુ બિનઅધિકૃત રીતે લઈ જતા પકડાશે તો તાત્કાલિક એડમિશન રદ કરવામાં આવશે. છાત્રાલયની રૂમમાં રહેતા વિદ્યાર્થીઓએ રૂમની અંદર થયેલા નુકસાન સરખે ભાગે વહેંચી લેવાનું રહેશે તેમજ જે તે માળની લોબીમાં નુકસાન થશે તો તે માળ પર રહેતા તમામ વિદ્યાર્થીઓએ સરખા હિસ્સે નુકસાન ભોગવવાનું રહેશે.

33. પ્રવેશ મેળવનાર દીકરા-દીકરીઓએ કોઈપણ સંજોગોમાં ક્યાંય પણ હોસ્ટેલમાં રહેતા કોલેજના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓનો સંપર્ક કરવાનો રહેશે નહીં.

34. છાત્રાલયમાં દાખલ થનાર દીકરા-દીકરીઓએ પોતાની કાયમી બીમારી અંગેની જાણ સંસ્થાને અગાઉથી કરવાની રહેશે. માંદગીના સંજોગોમાં સંભાળ રાખવા માટે અમદાવાદમાં રહેતા બે સગા-સબંધીઓના મોબાઈલ નંબર, સરનામું, ઈ-મેલની વિગતો આપવાની રહેશે. સંજોગોવશાત બીમાર થનાર વિદ્યાર્થીઓની તાત્કાલિક સારવાર કરાવવા માટે સંસ્થા કાર્યવાહી કરશે. બીમારીના સંજોગોમાં દીકરા-દીકરીઓને રેક્ટર ભાઇ-બહેનની મંજૂરી મેળવ્યા બાદ ઘરે લઈ જવા દેવામાં આવશે.

35. માસ્ટર કે પ્રોફેશનલ કોર્સ કરનાર દીકરા-દીકરીઓને તેમના **કોર્સ મુજબ 2 થી 3 વર્ષ સુધી જ હોસ્ટેલમાં રહેવાની સગવડ મળી શકશે.** અને આ બાબતોનો સંપૂર્ણ અધિકાર સક્ષમ સતાધિકારીનો રહેશે.

**ઉપરોક્ત પૈકી કોઈપણ નિયમનો ભંગ થતાં પ્રવેશ મેળવનાર દીકરા-દીકરીઓનો પ્રવેશ રદ થશે. પ્રવેશ રદ થતાં તમામ ભરેલ રકમો જપ્ત થશે. જેનું કોઈપણ વળતર (રીફંડ) આપવામાં આવશે નહીં. આ અંગેનો વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે. ચાલુ નિયમમાં વહીવટકર્તાઓને જરૂર જણાય તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરી શકશે તે તમામને બંધનકર્તા રહેશે. તેમજ નિયમો અંગે વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.**

**છાત્રાલયમાં રહેવા માટે તેમજ ચુસ્તપાલન માટે બનાવેલા નિયમો સમજી-વાંચ્યા બાદ તેનું ચુસ્તપણે પાલન કરવા માટે મેં અનુમતિ આપીને સહી કરેલ છે તેમજ આ નિયમોની એક કોપી મને મળે છે જેનું હંમેશાં પાલન કરીશ.**

**તારીખ :    /    / 2025**

**નોકરી કરતી મહિલાની સહી** ______________________ **પિતા/વાલીની સહી** ______________________

**ગગજી સુતરિયા**
**પ્રમુખ સેવક**

**ભરતભાઈ બી. પટેલ**
**મંત્રી, કેમ્પસ ડાયરેક્ટર**

**ટી. જી. ઝાલાવાડિયા**
**માનદમંત્રી એવમ્ ચેરમેન**
**સિવિલ સર્વિસ સેન્ટર**